श्री हारिकेशोजयति.

શ્રી બાલકૃષ્ણલાલજી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય.

મહેસાણા

તરફથી વૈષ્ણવોને પાઠ કરવા માટે શુદ્ધ

ગુજરાતી ભાષાન્તર સાથે.



આચાર્ય વર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃત

श्री कृष्णाश्रयः



ભાષાન્તર કર્તા

હીરાલાલ દુર્ગાશંકર પંડયા. મહેસાણા.

પ્રસિદ્ધ કર્તા અને વ્યવસ્થાપક.

ગોવિંદલાલ વ્રજભુખણદાસ. ખેડા.



પ્રત. ૧૦૦૦ આવૃત્તિ ૧ લી. સને ૧૯૧૭



જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.

સાંકડીશેરી રોડ—અમદાવાદ.

अमूल्यं पुस्तक मिदम्.

श्री ॥रेकाधीशो जयतु।

प्र ।स्तिपात्रिका.

શ્રીમાન્ જીવણલાલ ગીરધરલાલ શાહ.

અમદાવાદ.

આપશ્રીએ મારા પ્રત્યે અપરિમિત અને અવિચ્છિન્ન સ્નેહ વૃત્તિથી મારા અધ્યયન કાર્યમાં પરિપૂર્ણ ઉચ્ચાશ્રય આપી વિદ્યામૃતનું પાન કરાવી કૃતાર્થ કરેલ છે, તેને લીધે અત્યાનંદિત મનોવૃત્તિથી સપ્રેમ પ્રાર્થિત પૂર્ણ બ્રહ્મ પરમાત્મા શ્રીकृष्णचंद्र આપના અમલ અંતઃકરણ ગગન મંડલમાં શાંત્યાદિ તારક ગણયુક્ત વિરાજમાન ઔદાર્યચંદ્રને અતીવ વિજયી કરો.

(कल्याणं वितरतु कृष्णचंद्रः)

લિ. હીરાલાલ દુર્ગાશંકર પંડયા.

મહેસાણા.

भूमिका.

આચાર્યવર્યશ્રી મહાપ્રભુજીકૃત શ્રી कृष्णाश्रय ગ્રંથ એ એક પુષ્ટિમાર્ગનો મહાન્ સિદ્ધાંત ગ્રંથ હોઇ તેના ઉપર અનેક વિદ્વાનોએ ટીકાઓ કરી વિસ્તારથી વિવેચન કરેલાં છે એટલે તેના ઉપર પિષ્ટપેષણ કરવું એ ઉચિત નથી; પરંતુ ગ્રંથની મહત્તા માટે એના ઉપર થએલી અનેક ટીકાઓ એજ બસ છે. તો પણ ગ્રંથના સંબંધમાં એટલું તો કહેવું આવશ્યક છે કે જે ભાવિક વૈષ્ણવ પ્રેમપૂર્વક શ્રી ઠાકોરજીની સમીપમાં નિત્ય નિયમ પૂર્વક આ ગ્રંથનો પાઠ કરે છે તેને શ્રી કૃષ્ણચંદ્રનો આશ્રય સિદ્ધ થાય છે અને તેમની કૃપાથી તેને માર્ગના સિદ્ધાંતો અંતઃકરણમાં દૃઢ થાય છે. श्री कृष्णार्पणमस्तु.

હીરાલાલ દુર્ગાશંકર પંડયા.

મહેસાણા.

વૈષ્ણવ કર્તવ્ય.

વૈષ્ણવ બન્ધુઓ ! આપણે દરેક જણાએ શુદ્ધ અંતઃકરણપૂર્વક સમજવાની જરૂર છે કે આપણા વૈદિક પુષ્ટિમાર્ગમાં અખંડ ભૂમંડલાચાર્ય વર્ય શ્રીમહાપ્રભુજીએ શ્રીમુખથી સ્વકીય સિદ્ધાંતો અનેક મતમતાંતરનું ખંડન કરી પ્રતિપાદન કરેલા છે તથા એઓશ્રીના શ્રીહસ્તે લખાએલા અગાધ અર્થગાંભીર્યવાળા અને અત્યંત અસાધારણ ધર્મતત્ત્વથી પરિપૂર્ણ ગ્રંથોમાં કયાં શુદ્ધ તત્વો પ્રતિપાદન કરેલાં છે. આવા પ્રકારની વૃત્તિ પ્રત્યેક વૈષ્ણવમાં જાગૃત કરવા માટે તથા એઓશ્રીના હસ્તે રચાએલા ગ્રંથોનાં ભાષાન્તર કરી પ્રકાશમાં લાવવા માટે આ સંસ્થાનો પ્રથમ આશય છે.

સંસ્થા તરફથી શ્રી દ્વારિકાધીશના મંદિરમાં મંગળા થયા પછી એક કલાક અને ઉત્થાપન થયા પહેલાં એક કલાક એ પ્રમાણે અભ્યાસનો સમય મુકરર કરી હાલમાં આપણા આચાર્ય વર્ય શ્રી મહાપ્રભુજીએ રચેલા ષોડશ ગ્રંથોનો અભ્યાસ કરાવવામાં આવે છે, તેમજ બીજા માર્ગીય ગ્રંથો પણ સારી રીતે યથાર્થ સમજાય, એટલા માટે તેની સાથે સંસ્કૃત અભ્યાસ પણ કરાવવામાં આવે છે. તો પ્રત્યેક વૈષ્ણવ બંધુઓ અને બ્હેનો આ સંસ્થાનો લાભ ખાસ કર્તવ્ય સમજી અવશ્ય લેશો.

વિશેષમાં શ્રી પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રની કૃપાથી આપણને પરમ દુર્લભ વૈષ્ણવ જન્મ પ્રાપ્ત થયો છે; તો તે મહત્ પ્રયાસે મળેલો વૈષ્ણવ જન્મ મિથ્યા વસ્તુઓની પ્રાપ્તિ માટે રાત્રિ દિવસ પ્રયત્ન કરી વ્યર્થ ગુમાવવો એ યોગ્ય નથી. તો આપણા ગૃહકાર્યમાંથી દરરોજ બે કલાક સમય મેળવી આ સંસ્થાનો પૂર્ણ લાભ લઇ વૈષ્ણવ જન્મ કર્તવ્ય પરિપૂર્ણ કરી લેશો.

આ સંસ્થા તરફથી (શ્રી કૃષ્ણાશ્રય) નામનો લઘુગ્રંથ બ્હાર પાડવામાં આવેલો છે તેની નોછાવર લેવાની નથી. તેનો હેતુ એ છે કે પ્રત્યેક વૈષ્ણવ તે ગ્રંથનો સારી રીતે લાભ લઇ શકે. તેમ છતાં પણ જે વૈષ્ણવ પોતાની ઉદાર વૃત્તિથી સંસ્થાની મદદ માટે વાર્ષિક વા માસિક અથવા કોઇ પણ રીતે મદદ તરીકે જે રકમ અથવા પુસ્તકો ભેટ કરશે તે લેવામાં આવશે, અને તેનો વિનિયોગ આ સંસ્થા તરફથી પુસ્તકો છપાવવા માટે તેમજ શાસ્ત્રીઓ પાસે પુસ્તકો શોધાવવા માટે તથા તેમની દ્વારાએ પ્રત્યેક વૈષ્ણવ આપણા પુષ્ટિ માર્ગીય ગ્રંથોને સ્પષ્ટ અને શુદ્ધપણે વાંચી શકે એ વિગેરે કાર્યોમાં કરવામાં આવશે. તો આશા છે કે આ સંસ્થાના નિભાવ માટે તેમજ સંસ્થા દિનપ્રતિદિન સારી સ્થિતિમાં આવે એટલા માટે પ્રત્યેક વૈષ્ણવ બંધુઓ પોતાનું કર્તવ્ય સમજી યથા શક્તિ મદદ આપી આ સંસ્થાનો લાભ લેશે.

આ સંસ્થા કોઇના ઉદર નિર્વાહ માટે નથી પરંતુ આપણા પુષ્ટિમાર્ગીય ગ્રંથોનો સારી રીતે ફેલાવો થાય, અને તેનો લાભ દરેક વૈષ્ણવ બંધુઓ સારી રીતે લઇ શકે એજ આ સંસ્થાનો ખાસ ઉદ્દેશ છે.

આ ગ્રંથમાં કોઇ પણ પ્રકારની ભૂલદષ્ટિ ગોચર થાય તે ધ્યાનમાં ન લેતાં ઉદારતાથી ક્ષમા આપશો.

આ સંસ્થાની માલકી શ્રી મહેસાણા દ્વારિકા નાથજીના મંદિરની છે.

ગોવિંદલાલ વ્રજભુખણદાસ.

ખેડા.



येषां श्रीमद्य[illegible]दा[illegible]तपदकमले
ना[illegible]त भक्तिर्नराणां, येषामाभीरकन्या-
प्रियगुणकथने नानुरक्ता रसज्ञा ॥
येषां श्री[illegible]ष्णली[illegible]लतरसकथा
सादरौ नैव कर्णौ, धिक् तान् धिक् तान्
धिगेतान् कथयति सततं कीर्तनस्थो मृदंगः ॥१॥

જે માણુસોની શ્રીયશોદાના પુત્ર શ્રીકૃષ્ણુ પરમાત્માના ચરણુકમળમાં ભક્તિ નથી, અથવા જે માણુસોની જીહ્વા ગોપિકાઓના પ્રિય કૃષ્ણુ પરમાત્માના ગુણુ ગાતી નથી અથવા જે માણુસોના કાન શ્રીકૃષ્ણુ પરમાત્માની રમણિય કથાઓ સાંભળતા નથી, તે માણુસોને ધિક્કાર છે એ પ્રમાણે કીર્તનમાં રહેનાર મૃદંગ જેવી જડ વસ્તુ પણુ કહે છે.



श्री कृष्णाश्रयः

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणे
पाखण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥१॥

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ
પાખંડપ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૧ ॥

અર્થ

ધર્મનાં સર્વ બંધારણો તુટી ગયાં છે. અને ઘોર કળિયુગ આવ્યો તેથી જગતમાં અનેક પ્રકારનાં પાખંડો ફેલાઇ રહ્યાં છે. એવા સમયમાં શ્રી કૃષ્ણ પરમાત્મા એજ મારી ગત થાઓ.

म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च
सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥२॥

મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ
સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ. ॥ ૨ ॥

અર્થ.

પવિત્ર સ્થળો મ્લેચ્છોએ ઘેરી લીધાં છે, તેને લીધે પવિત્ર સ્થળોમાં અનેક પ્રકારનાં પાપ થાય છે અને સત્પુરૂષોને દુઃખ થતું જોઇ લોકો વ્યાકુલ થાય છે ત્યારે કૃષ્ણ પરમાત્મા એજ મારી ગતિ થાઓ.

गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥३॥

ગઙ્ગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૩ ॥

અર્થ.

ગંગા ઇત્યાદિ પવિત્ર તીર્થોમાં દુષ્ટ પુરૂષો વાસ કરે છે તેથી તીર્થોમાંનું દેવપણું અદૃશ્ય થયું છે ત્યારે કૃષ્ણ પરમાત્મા એજ મારી ગતિ થાઓ.

अहंकारविमूढेषु सत्सुपापानुवर्तिषु
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥४॥

અહંકાર વિમૂઢેષુ સત્સુપાપાનુવર્તિષુ
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૪ ॥

અર્થ.

પંડિતો અભિમાન વડે મૂઢ બુદ્ધિવાળા અને પાપીઓને અનુસરનારા થયા છે તથા લાભ મેળવવા અને પૂજાવા માટે મહેનત કરનારા થયા છે એ વખતે કૃષ્ણપરમાત્મા એજ મારી ગતિ થાઓ.

अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु
तिरोहितार्थदैवेषु कृष्ण एव गतिर्मम ॥५॥

અપરિજ્ઞાનનષ્ટેષુ મન્ત્રેષ્વવ્રતયોગિષુ
તિરોહિતાર્થદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૫ ॥

અર્થ.

મંત્રોનું રહસ્ય, ફળ અને તેમના દેવતા વિગેરેનું બરાબર જ્ઞાન ન હોવાથી તેમજ મંત્રોના વ્રતો નહીં પાળેલા હોવાથી તેના અર્થ અને દેવતાઓનું સ્વરૂપ અદૃશ્ય થયું છે, અર્થાત્ મંત્રો સંપૂર્ણ ફળ આપી શકતા નથી; એવે વખતે કૃષ્ણ પરમાત્મા એજ મારી ગતિ થાઓ.

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु
पाखंडैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥६॥

નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ
પાખંડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૬ ॥

અર્થ.

સર્વ પ્રકારનાં વ્રત અને અંતઃકરણની શુદ્ધિ કરનારાં કર્મો અને વ્રતો અનેક પ્રકારના વાદવિવાદથી નાશ પામેલાં છે, તથા તે કર્મ અને વ્રતોમાં માત્ર પાખંડનોજ યત્ન થાય છે, એવા વખતે કૃષ્ણપરમાત્મા એજ મારી ગતિ થાઓ.

अजामिलादि दोषाणां नाशकोऽनुभवे स्थितः
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥७॥

અજામિલાદિ દોષાણાં નાશકોનુભવે સ્થિતઃ
જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૭ ॥

અર્થ.

અજામિલ ઇત્યાદિ મહાન પાપીઓના પાપોને નાશ કરી જેમણે માહાત્મ્ય બતાવેલું છે તેથી જેઓ અનુભવમાં આવેલા એવા તે શ્રીકૃષ્ણ પરમાત્મા મારી ગતિ થાઓ.

प्राकृताः सकला देवा गणितानंदकं बृहत्
पूर्णानंदो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम॥८॥

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતા નંદકં બૃહત્
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૮ ॥

અર્થ.

સમસ્ત દેવતાઓ શ્રી કૃષ્ણચંદ્રની પ્રકૃતિથી ઉત્પન્ન થએલા હોવાથી સાધારણ છે અને અક્ષરબ્રહ્મ થોડા આનંદ વાળું છે, પરંતુ હરિ એજ પૂર્ણ આનંદમય છે, એટલા માટે કૃષ્ણપરમાત્મા એજ મારી ગતિ થાઓ.

विवेकधैर्यभक्त्यादेर[illegible]तस्य विशेषतः
पापासक्त[illegible]च द[illegible] कृष्ण एव गतिर्मम॥९॥

વિવેક ધૈર્યભકત્યાદિ રહિતસ્ય વિશેષતઃ
પાપાસકતસ્ય દીનસ્ય કૃષ્ણએવ ગતિર્મમ ॥ ૯ ॥

અર્થ.

વિવેક ધૈર્ય ભકિત વિગેરે કંઇ પણ મારામાં નથી એટલુંજ નહિ પણ પાપમાં આસક્તિવાળો છું અને અજ્ઞાન છું, તો શ્રી કૃષ્ણપરમાત્મા એજ મારી ગતિ થાઓ.

[illegible]मर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्
शरणस्थ स[illegible]द्धारं कृष्णं विज्ञापयाम्यहं ॥१०॥

સર્વસામર્થ્ય સહિતઃ સર્વત્રૈવા ખિલાર્થકૃત્
શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહં ॥૧૦॥

અર્થ.

તમામ પ્રકારના સામર્થ્યવાળા અને તમામ પ્રકારના કાર્ય સિદ્ધ કરનારા અને શરણે આવેલાનો ઉદ્ધાર કરનારા શ્રી કૃષ્ણચંદ્રને હું વિનવું છું, અર્થાત્ શ્રીકૃષ્ણચંદ્રની હું પ્રાર્થના કરૂંછું.

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ
तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत्॥११॥

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃપઠેત્ કૃષ્ણસન્નિધૌ
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ ઇતિ શ્રી વલ્લભોઽબ્રવીત્ ॥૧૧॥

અર્થ.

આ કૃષ્ણાશ્રય સ્તોત્ર જે વૈષ્ણવ શ્રીકૃષ્ણચંદ્રની સમીપમાં ભણે છે તેને શ્રીકૃષ્ણચંદ્ર આશ્રયરૂપ થાય છે એ પ્રમાણે આચાર્ય શ્રી મહાપ્રભુજી કહે છે.



શ્રી કૃષ્ણાશ્રયના પાઠની વિધિ.

પ્રાતઃકાળમાં શ્રી કૃષ્ણચંદ્રનું સ્મરણ કરતાં કરતાં પથારીમાંથી બેઠા થઇ શૌચ ક્રિયા પૂર્ણ કરી સ્નાન કરવું. ત્યાર પછી શુદ્ધ વસ્ત્ર પહેરી પવિત્ર આસન ઉપર શ્રી ઠાકોરજીના સાનીધ્ય ધ્યાનમાં બેસવું, અને ચરણામૃત લઇ તિલક મુદ્રા કરી હાથ ધોવા. બાદ શુદ્ધ અંતઃકરણ પૂર્વક શ્રી કૃષ્ણાશ્રયનો પાઠ નિત્યનિયમ પૂર્વક પ્રત્યેક વૈષ્ણવે કરવો, એ વૈષ્ણવજન્મનું સાર્થક છે.

શ્રી કૃષ્ણાર્પણમસ્તુ.

શ્રી બાળકૃષ્ણલાલજી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય

મહેસાણા.

નિષ્કામ વૃત્તિથી ભગવત્ પરાયણ સ્વધર્મ કાર્ય સમજી કર્તવ્ય કરનારૂં કારોબારી મંડળ.

પ્રમુખ.	રહેવાસી.
રા. રા. પુરૂષોત્તમદાસ નાથાભાઇ દેસાઇ.	વડોદરા.
અધ્યાપક.	
રા. રા. હીરાલાલ દુર્ગાશંકર પંડ્યા.	મહેસાણા.
તપાસણી મંડળ.	
રા. રા. શીવલાલભાઇ પ્રેમચંદ વકીલ.	ઠાસરા.
,, ભગવાનદાસ કાશીદાસ વકીલ.	વિસનગર.
,, મગનલાલ લલ્લુભાઇ વકીલ.	નડીયાદ.
,, પુરૂષોત્તમદાસ ઉત્તમરામ. નો. કા.	પાટણ.
,, મોહનલાલ બળદેવદાસ માસ્તર.	બહીયલ.
,, હરિલાલ અમથાશા ભગવતી માસ્તર.	અમદાવાદ.
,, ગોરધનદાસ ચુનીલાલ પારેખ.	વડોદરા.
,, પુણ્યવંતરાય રણછોડરાય નાજર.	અમદાવાદ.
,, દોલતરામ મોતીરામ તજવીજદાર.	કડી.
શેઠ. હીરાલાલ વિઠલદાસ.	મહેસાણા.
,, ગીરધરલાલ વિઠ્ઠલદાસ.	,,

શેઠ. ભીખાભાઇ મોતીચંદ.	મહેસાણા.
„ રણછોડદાસ રૂગનાથદાસ.	„
„ નરોતમદાસ ઘેલાભાઇ.	„
ગાંધી નાથાલાલ અમથાલાલ.	„
પરી. નારણદાસ અમૃતલાલ.	„
પરી. મગનલાલ રામચંદ.	„

વ્યવસ્થાપક.

રા. રા. ગોવિંદલાલ વ્રજભુખણદાસ, ટ્રેઝરર.	ખેડા.

મદદનીશ મંડળ.

શેઠ. કેશવલાલ હીરાલાલ પરિખ.	ખેડા.
„ ગોરધનદાસ મોતીચંદ.	મહેસાણા.
„ લલ્લુભાઇ નાગરદાસ.	„
„ લલ્લુભાઇ હરગોવિંદદાસ.	„
„ મણીલાલ લલ્લુભાઇ શાહ.	„
„ દામોદર બબલભાઇ.	„
„ હીરાલાલ ગિરધરલાલ.	ઠાસરા.
„ રામશંકર વલભરામ.	„
„ ખેમચંદ હેમચંદ.	„
„ છગનલાલ પ્રલાદજી.	„
„ મોહનલાલ ગિરધરલાલ.	„
„ વૃજલાલ જીભાઇ.	„
„ ઇશ્વરલાલ કાશીરામ.	સુંદરા.

,,	શિવલાલ વિઠ્ઠલદાસ.	મેહેસાણા.
,,	મોહનલાલ ગિરધરલાલ.	આંતરસુબા.
,,	ત્ર્યંબકભાઇ મનોરભાઈ.	કડી.
,,	કેશવલાલ કાળીદાસ.	,,
,,	નરોત્તમ છગનલાલ.	અમદાવાદ.
,,	કેશવલાલ કેવળદાસ.	ઠાસરા.
,,	કેશવલાલ વિઠલદાસ.	
,,	ત્રીભુવનદાસ ગિરધરલાલ.	અમદાવાદ.



